**મોરેશિયસની રાજકીય યાત્રા પહેલાં પ્રધાનમંત્રીનું નિવેદન (10 માર્ચ, 2025)**

10 માર્ચ, 2025

મારા મિત્ર, પ્રધાનમંત્રી ડૉ. નવીનચંદ્ર રામગુલામના નિમંત્રણ પર, હું મોરેશિયસના 57મા રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે મોરેશિયસની બે દિવસીય રાજકીય યાત્રા માટે જઈ રહ્યો છું.

મોરેશિયસ હિંદ મહાસાગરમાં ભારતનો નજીકનો દરિયાઈ પડોશી, મહત્વના ભાગીદાર અને આફ્રિકી મહાદ્વીપ માટે એક પ્રવેશ દ્વાર છે. આપણે ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ દ્વારા જોડાયેલા છીએ. પરસ્પર ઊંડો વિશ્વાસ, લોકશાહીના મૂલ્યોમાં સહિયારી માન્યતા અને આપણી વિવિધતાની ઉજવણી આપણી શક્તિ છે. લોકોથી લોકોના પરસ્પર ગાઢ અને ઐતિહાસિક સંબંધો બંને માટે સહિયારા ગૌરવની બાબત છે. છેલ્લા દસ વર્ષમાં આપણે જન-લક્ષી પહેલ સાથે નોંધપાત્ર પ્રગતિ કરી છે.

હું મોરેશિયસ નેતૃત્વ સાથે તેના તમામ પાસાઓમાં અમારી ભાગીદારીને વધારવા અને આપણા લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ તેમજ હિન્દ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને વિકાસ માટે આપણી સ્થાયી મિત્રતાને મજબૂત કરવા માટે અમારા વિઝન સાગરના ભાગરૂપે જોડાવાની તકની આશા રાખું છું.

મને વિશ્વાસ છે કે આ મુલાકાત ભૂતકાળના પાયા મજબૂત કરશે અને ભારત અને મોરેશિયસ સંબંધોમાં એક નવું અને તેજસ્વી પ્રકરણ શરૂ કરશે

નવી દિલ્હી

10 માર્ચ, 2025